# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### વર્ષ 2022 બાદ ગ્રામ પંચાયત કાલુ દ્વારા મત્સ્યઉદ્યોગ માટે કોઈ ઠરાવ અપાયો નથી : મત્સ્યવિભાગ આણંદ

# કાલુના તળાવમાં બિનપરવાનગી મત્સ્યોદ્યોગ, તંત્ર બેફીકર

**ગ્રામ પંચાયતનુ રટણ** તળાવનો ઇજારો આપવાની સત્તા જીલ્લા મત્સ્યોદ્યોગ વિભાગ પાસે છે

(પ્રતિનિધિ) બોરસદ તા 1

બોરસદ તાલુકાના કાલું ગામના તળાવમાં છેલ્લા કેટલાય દિવસોથી પરવાનગી વગર મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ બેરોકટોક ધમધમી રહી છે. આ અંગે ગામના જાગૃત નાગરિકોએ બિન પરવાનગીથી ધમધમતા મત્સ્યોદ્યોગ સંદર્ભે યોગ્ય તપાસ અને કાર્યવાહી માટે રજૂઆતો કરી હતી છતાં પણ માત્ર કાગળ પર કાર્યવાહી રહેતાં ગ્રામજનોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે.

મળતી વિગતો મુજબ મત્સ્ય ઉદ્યોગ માટે તળાવનો ઈજારો આપવાની સત્તા જિલ્લા મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રને હોવા છતાં બોરસદ તાલુકા કાલુ ગામના જૂના તળાવનો ઈજારો સ્થાનિક સત્તાધીશોનીની મહેરબાની અને મેળાપીપણામાં બારોબાર આપી પંચાયતને આર્થિક નુકસાન પહોંચાડવાની રજૂઆત થવા પામી છે. આ અંગે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પણ રજૂઆત થવા પામી હતી. પરંતુ કોઈ નિરકારણ નહી આવતાં અરજદારે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી છે.

બોરસદ તાલુકાના કાલુ ગામના કૌશિકભાઈ તખતસિંહ પરમારે બોરસદ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજૂઆત કરી જણાવ્યું હતું કે ગામાના જૂના તળાવને મત્સ્ય ઉદ્યોગ માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી લીધા વગર જ તેમજ જાહેર હરાજી કર્યા વગર જ સ્થાનિક વહીવટકર્તાઓ દ્વારા બારોબાર મત્સ્ય ઉદ્યોગ માટે ભાડે આપી દેવાયું છે. આ અંગે તેઓએ તળાવમાં જાળ નાખી મચ્છી કાઢતા તેમજ ટેમ્પામાં મચ્છી ભરી બહાર મોકલી આપતા ફોટા, જી.પી.એસ. કેમેરાથી પાડેલ તારીખ સમય અને સ્થળ સાથેના ફોટા પણ મોકલ્યા હતા. આ રજૂઆત અંગેની તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ટીડીઓએ કોઈપણ જાતની સ્થળ તપાસ કર્યા વગર જ તલાટીએ મોકલેલ જવાબ અરજદારને મોકલી આપી સંતોષ માનવામાં આવ્યો હતો. આ જવાબથી અરજદારને સંતોષ નહીં થતાં તેઓએ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી છે અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ સરપંચ, તલાટી અને સભ્યોના મેળાપીપણામાં તળાવને બારોબાર હરાજી કર્યા વગર જ મત્સ્ય ઉદ્યોગ માટે ભાડે આપી દેવામાં આવેલ છે.






### તળાવને ભાડે આપવાની સત્તા જિલ્લા મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રને છે

કાલુ ગામના સરપંચે આ અંગે જાણવ્યું હતું કે, તળાવને મત્સ્ય ઉદ્યોગ માટે ભાડે આપવામાં આવ્યું જ નથી. તળાવને ભાડે આપવાની સત્તા જિલ્લા મત્સ્ય ઉદ્યોગ કેન્દ્રને છે અને તળાવમાંથી મચ્છી કાઢવામા આવતી હોવાનું પંચાયતને કોઈ જાણ નથી. તળાવમાંથી મચ્છી કાઢવામાં આવે છે તેની પણ અમોને કોઈએ જાણ કરવામાં આવી નથી.

### અરજદારે કરેલી રજૂઆતના પગલે તંત્ર હરકતમાં આવ્યું

બોરસદ તાલુકા વિકાસ અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે કાલુ ગામના જૂના તળાવને પરભારે ભાડે આપી દેવાની રજૂઆત મળી છે તે અંગે વિસ્તરણ અધિકારીને તપાસ સોંપવામાં આવી છે. તપાસ પૂર્ણ થયા પછી જ સત્ય .હકીકત બહાર આવશે

# ખંભાતમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતાં શહેરભરમાં અંધારપટ

**પાલિકા પ્રમુખ અને** કારોબારી કમિટીના ચેરમેન વચ્ચેના રાજકીય દાવપેચમાં ટેન્ડર પ્રક્રિયામાં વિલંબ

(પ્રતિનિધિ) ખંભાત તા. 30

ખંભાતમાં નવરાત્રીમાં શહેરની યુવતીઓની સલામતી માટે રાજકીય લડાઈ છોડીને સ્ટ્રીટ લાઈટો શરૂ કરવા માટે શહેરના આગેવાનો એ ચીફ ઓફિસરને રજૂઆત કરી હતી. પાલિકાના પ્રમુખ અને કારોબારી કમિટી ચેરમેન વચ્ચે છેલ્લા ઘણા સમયથી ટેન્ડર સહિત અન્ય કામોમાં અસંતોષને કારણે વિવાદ શરૂ થયો હતો બંને વચ્ચેની રાજકીય લડાઈ નો બે મહિના પહેલા સ્ટ્રીટ લાઈટના ટેન્ડરની પ્રક્રિયામાં ગજગ્રાહ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ખંભાત નગરપાલિકામાં અંદાજિત 4100 જેટલી સ્ટ્રીટ લાઈટોના આવેલી છે. જેમાંથી હાલ 450 થી વધુ સ્ટ્રીટ લાઈટો શહેરના વિવિધ વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી બંધ પડેલી છે. અને ગણપતિ મહોત્સવમાં પણ શહેરના વિસ્તારોમાં અંધકારપટ જોવા મળ્યો હતો .

ખંભાત નગરપાલિકાના વિપક્ષના નેતા નીતિનભાઈ બ્રહ્મભટ્ટના જણાવ્યા મુજબ ખંભાત પાલિકામાં 5 સપ્ટેમ્બર 2024 ના રોજ શહેરના વિવિધ કામો સંદર્ભે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જેને 12 સપ્ટેમ્બર ના રોજ ખોલવામાં આવ્યા હતા . તે સમયે કારોબારી કમિટીના ચેરમેન જીતેન્દ્રભાઈ ખારવા વિદેશ ગયા હતા. જેથી પાલિકાના પ્રમુખ દ્વારા અન્ય ટેન્ડરો ખોલીને કામગીરી કોન્ટ્રાક્ટરોને સોંપાઈ હતી. પરંતુ પાલિકાનું વાર્ષિક 22 લાખ બજેટનું સ્ટ્રીટ લાઈટ નું ટેન્ડર ખોલીને સ્ટેટમેન્ટ બનાવીને તેને ફાઈલમાં મૂકી દીધું હતું . પરંતુ ચેરમેનની સહી ન હોવાથી મંજૂર કર્યું ન હતું..

કારોબારી કમિટીના ચેરમેન વિદેશથી પરત આવ્યા હતા. ત્યારે પ્રમુખ દ્વારા ટેન્ડરમાં સહી કરવાનું જણાવતા ચેરમેનને કહ્યું હતું કે તમે બીજા ટેન્ડરો મંજૂર કર્યા તો આ કામ બાકી કેમ રાખ્યું એમ કહીને ટેન્ડરમાં સહી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. હવે નવું ટેન્ડર મગાવવામાં અને પ્રક્રિયામાં નવરાત્રી પણ વીતી જાય તેમ છે જેને કારણે વિરોધ પક્ષના નેતા નીતિનભાઈ બ્રહ્મભટ્ટ સહિત અન્ય નગર સેવકો ચીફ ઓફિસરને રૂબરૂ મળ્યા હતા અને આ વિવાદ નો અંત લાવીને નવરાત્રી પહેલા સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવાની રજૂઆત કરી હતી જેથી ચીફ ઓફિસર યોગેશ ગણાત્રાએ કહ્યું હતું કે ટેન્ડરના સ્ટેટમેન્ટમાં પ્રમુખ અને કારોબારી કમિટીના ચેરમેનની મંજૂરી મળે તો જ હું આગળ કામગીરી કરીને વર્ક ઓર્ડર આપી શકું તેમ છું નહીં તો ચેરમેન જો મને લેખિત જાણ કરશે તો નવેસરથી ટેન્ડર પ્રક્રિયા કરાશે ત્યાં સુધી નવો સામાન ખરીદી શકાય તેમ નથી. ખંભાત નગરપાલિકામાં સર્જાયેલી રાજકીય ખેંચાતાણને કારણે હાલ શહેરના નવ વોર્ડ ના વિવિધ વિસ્તારના નગરજનોને રાત્રિના સમયે અંધકાર પટ થી મુશ્કેલીઓ પડી રહી છે



### નવું ટેન્ડર મંગાવવામાં આવશે ત્યારબાદ જ એને હું મંજૂર કરીશ- કારોબારી ચેરમેન

સત્તાધીશોની ગજગ્રાહ જેવી પરિસ્થિતિને કારણે છેલ્લા બે મહિનાથી ખંભાત નગરપાલિકામાં 22 લાખથી વધુ રકમના ટેન્ડર પાસ ન થવાથી સ્ટ્રીટ લાઇટો વાયરો તથા અન્ય સામાનના અભાવે શહેરની સ્ટેટ લાઇટો બંધ હાલતમાં પડી છે. જે સંદર્ભે પાલિકામાં રજૂઆત કરવામાં હતી. ત્યારે કારોબારીના ચેરમેનને કહ્યું હતું કે મારી ગેરહાજરીમાં ટેન્ડર ખોલવામાં આવ્યું છે. જેથી જો મારી સહી કરાવી હોય તો નવું ટેન્ડર મંગાવો અને ત્યારબાદ જ એને હું મંજૂર કરીશું.

### ભાજપે સત્તા મેળવવા ચાર અપક્ષનો સહારો મેળવ્યા બાદ અવારનવાર કમઠાણ જેવી સ્થિતિ

બે વર્ષ અગાઉ ખંભાત નગરપાલિકા ની યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ભાજપને 18 બેઠકો મળી હતી કુલ 36 સભ્યોની સંખ્યા બળ ધરાવતી ખંભાત પાલિકામાં ભાજપને સત્તા મેળવવા માટે ચાર અપક્ષ ઉમેદવારોનો સમર્થન લેવાની મજબૂરી ઊભી થઈ હતી. તત્કાલીન સમયે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા દિગ્વિજયસિંહ પરમારની પ્રમુખ તરીકે પસંદગી કરાઈ હતી જ્યારે પાલિકામાં મહત્વની ગણાતી કારોબારી કમિટી અપક્ષથી આવેલા જીતેન્દ્ર ખારવાને સોંપવામાં આવી હતી ત્યારથી ખેંચતાણ શરૂ થઈ છે.

# નોરતાંની ધુમ તૈયારીઓ, ખૈલૈયાઓમા ઉત્સાહ

**ખેલૈયાઓ માટે ખાસ** તકેદારીના ભાગરૂપે નિ:શુલ્ક રજીસ્ટ્રેશન અને એન્ટ્રીની વ્યવસ્થા

(પ્રતિનિધિ) કપડવંજ,તા.1

નવરાત્રિ પર્વ આગામી તા.૩-૧૦- ૨૪થી શરૂ થનાર છે. ત્યારે કપડવંજ પંથકમાં નવરાત્રિ પર્વની ઉજવણી માટે તેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કપડવંજ શહેર અને તાલુકામાં નવરાત્રિ પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી થાય છે. તેના ભગરૂપે કપડવંજ કોલેજ ગ્રાઉન્ડ ઉપર પ્રતિ વર્ષની જેમ ચાલુ સાલે પણ ખેલૈયાઓ માટે નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીના દિવસોના પ્રારંભ પૂર્વે છેલ્લા કેટલાંક દિવસોથી વરસાદી માહોલ હોવાને કારણે નવરાત્રીના આયોજકો અને ખૈલૈયાઓમાં ચિંતાની લાગણી પ્રસરી હતી. પરંતુ મેઘરાજાએ ખમૈયા કરતા હાશકારો અનુભવાયો છે.

છેલ્લા ઘણા સમયથી સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત રૂમઝુમ નવરાત્રિ ખેલૈયાઓ માટે ખાસ ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ખેલૈયાઓ માટે સુવિધાઓ સાથે વિશાળ ગ્રાઉન્ડ અને નિઃશુલ્ક આયોજન કરી રહી છે. તેના ભાગરૂપે આયોજકોએ માં આદ્યશક્તિની પૂજા કરી નવરાત્રિ મહોત્સવ-૨૦૨૪ની તડામાર તૈયારીઓનો શુભારંભ કર્યો છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક આનલાઈન રજીસ્ટ્રેશન હાલ ચાલી રહ્યું છે. જેમાં ગત વર્ષે પંદર હજાર ખેલૈયાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

સંસ્થા દ્વારા જણાવ્યું છે કે તેઓએ ચાલુ સાલે રજીસ્ટ્રેશન કરવાની જરૂર નથી. ક્યુઆર કોડ અથવા નિયત કરેલી સાઈટ ઉપર હાલ નવા 5 હજારથી વધુ રજીસ્ટ્રેશન થઈ ગયા છે.જેમના રજીસ્ટ્રેશન થઈ ગયા છે તેઓને વૉટ્સઍપ ઉપર ઈ-પાસ મોકલી આપ્યા છે.તથા ભીડથી રાહત મેળવવા માટે ફરજીયાત નક્કી કરેલા બેલ્ટ લેવા માટે સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગ, ફોનવાલે, ઉમા સુપર માર્ટ, સુવર્ણકૃપા જ્વેલર્સ, રાધિકા જ્વેલર્સ તથા મહાકાળી સ્પા અને એસેસરીઝ ઉપરથી ઈ-પાસ લઈને બેલ્ટ મેળવી શકાશે.તથા રૂમઝુમ નવરાત્રિ-૨૦૨૪ના આયોજકો દ્વારા નિ:શુલ્ક ગરબા ક્લાસીસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન મોનીકાબેન પટેલ, રીન્કુબેન પટેલ, કોમલબેન, શ્વેતાબેન, હેમલત્તાબેન, રેખાબેને જીનલબેન કર્યું હતું.જેમાં ગરબા ટ્રેનર તરીકે દિવ્યાનીબેને બહેનોને ગરબાના સ્ટેપ્સ શીખવ્યા હતા. જેમાં ૪૦૦ જેટલી બહેનોએ લાભ લીધો હતો તેમ આયોજકો ધવલ પટેલ, નયન પટેલ,દક્ષેશ કંસારા,તુષાર પટેલ, નિરવ પટેલ,ચિન્ટુ પટેલ, મોન્ટુ ભટ્ટ, નયન પાટીદાર, અલ્પેશ પંડ્યાએ જણાવ્યું છે.




# મહેમદાવાદના સેવા સદનમાં ગ્રાઉન્ડ ફ્લોર પર જનસેવા શરૂ

**નિરાધાર અને** શારીરિક અસક્ષમ વૃદ્ધોને હવે દાદર નહીં ચઢવા પડે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

મહેમદાવાદ સેવા સદનમાં વૃદ્ધ અને વિધવા સહાયને લગતી સરકારી યોજનાઓનું ટેબલ પ્રથમ માળે હોવાથી વૃદ્ધોને ભારે હાલાકી પડતી હતી, આ બાબત જિલ્લા કલેક્ટરના ધ્યાને આવતા તેમણે તાત્કાલિક સમસ્યાના નિવારણના આદેશ આપ્યા હતા. જેથી ગણતરીની મિનિટો માં જ આ ટેબલ ગ્રાઉન્ડ ફ્લોર પર લાવી દેવાયુ છે.

મળતી માહિતી મુજબ મહેમદાવાદ સેવા સદનમાં વૃદ્ધ અને વિધવા સહાયને લગતી યોજનાઓનું ટેબલ પ્રથમ માળે હોવાથી નિરાધાર વૃદ્ધો અને વિધવા મહિલાઓને મજબૂરીવશ દાદર ચઢવા પડતા હોવાથી આ મામલે તાત્કાલિક બંને ટેબલ ગ્રાઉન્ડ ફ્લોર પર લાવવામાં આવે તેવી માંગણી ઉઠી હતી.

આ બાબત જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવના ધ્યાનમાં આવતા તેઓ એક્શન મોડમાં આવ્યા હતા. તેમણે તાત્કાલિક આ મામલે સેવા સદનના જવાબદાર અધિકારીઓને સૂચના આપી હતી અને સમસ્યાનું નિરાકરણ લાવવા જણાવ્યુ હતુ. જે બાદ ગણતરીની મિનિટોમાં જ વૃદ્ધ અને વિધવા સહાયને લગતી યોજનાઓનું ટેબલ પ્રથમ માળેથી ઉતારી લઈ અને ગ્રાઉન્ડ ફ્લોર પર લાવી દેવામાં આવ્યુ હતુ. આ ટેબલ હવે ગ્રાઉન્ડ ફ્લોર પર આવી જતા વૃદ્ધોને દાદર ચઢવાથી રાહત મળી છે.




# વાસદના રોજગાર મેળામાં 91ની અરજદારોની પસંદગી

(પ્રતિનિધિ) આણંદ, તા. 1

જિલ્લા રોજગાર કચેરી, આણંદ દ્વારા ડી એસ પટેલ, ઔધોગિક તાલીમ સંસ્થા વાસદ (આઈ. ટી.આઈ) ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર ભરતી મેળામાં એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ડિગ્રી સ્નાતક, અનુસ્નાતકની લાયકાત ધરાવતા કુલ 156 ઉમેદવારો હાજર રહ્યા હતા.

આ ભરતી મેળામાં કુલ 09 નોકરી દાતાઓ જેવી 631 જેટલી ખાલી જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવા હાજર રહ્યા હતા. આ રોજગાર ભરતી મેળામાં કુલ 91 રોજગારવાંચ્છું ઉમેદવારોની પ્રાથમિક પસંદગી નોકરીદાતાઓ દ્વારા કરવામાં આવી છે.



# યાત્રાધામ વડતાલમાં મહા સ્વચ્છતા અભિયાનનો આજથી પ્રારંભ

**વડતાલધામ** દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે

(પ્રતિનિધિ) આણંદ, તા. 1

વડતાલધામમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાનાર છે. જેની હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે તા. 2 ઓક્ટોબરના રોજ હરિભક્તો દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવનાર છે. જેમાં સાળંગપુર, ગઢડા, જૂનાગઢ, ધોલેરા, પીજ, ડભામણ, ગોધરા, નરસંડા, વલેટવા, સંજાયા, જોળ, વડોદરા હરિનગર તથા નાર ગુરૂકૂળ સહિત અન્ય ગુરૂકૂળો આ સ્વચ્છતા અભિયાનમાં જોડાનાર છે.

વડતાલ મંદિરના કોઠારી ડૉ.સંત સ્વામીએ જણાવ્યું હતું કે વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવને લઈને દેશ વિદેશના હજ્જારો હરિભક્તોમાં અનેરો આનંદ છે. ત્યારે સંપ્રદાયનો નાનામાં નાનો હરિભક્ત તન-મનથી સેવાકાર્યમાં જોડાય તે સ્વાભાવિક છે. તા.2જી ઓક્ટોબરના રોજ દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત રાખવામાં આવેલ સ્વચ્છતા અભિયાનમાં વડતાલ મંદિર, ગ્રામપંચાયત, પ્રા.શાળા, હાઈસ્કૂલ તથા અન્ય ધાર્મિક તથા સરકારી મિલ્કતોની સાફસફાઇ કરવામાં આવનાર છે.

આ સ્વચ્છતા અભિયાનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પણ વરચ્યુલી જોડાનાર છે જેનું સંચાલન પ્રિયદર્શન સ્વામી કરી રહ્યા છે. વાસ્તવમાં સુઘડતા સ્વચ્છતાનો આવો પ્રથમ બોધ-સંદેશ ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલ મધ્યે 195 વર્ષ પૂર્વે સ્વહસ્તે આલેખેલી શિક્ષાપત્રીમાં આપ્યો હતો.! શિક્ષાપત્રીના પ્રાગટ્ય સાથે આ જનહિત માટેના સ્વચ્છતા અભિયાનને આજે 195 વર્ષ થયા છે ત્યારે તેને વ્યાપક વેગ મળે એ અત્યંત જરુરી છે. સ્વામિનારાયણ ભગવાને જન આરોગ્ય સુખાકારીની પણ ખેવના કરી છે.! શ્લોક ૩૦ માં વર્ણવ્યા મુજબ ગાળ્યા વિનાનું જળ તથા દૂધનો ઉપયોગ ન કરવા પર ખાસ ભાર મૂક્યો છે.! જળમાં ઘણાં સૂક્ષ્મ જીવો હોય છે જે આરોગ્ય માટે હાનિકારક હોય છેઃ આવા દૂષિત જળમાં સ્નાન કરવાનો પણ નિષેધ ગણ્યો છે.

